# જે ગમે જગત ગુરુ દેવ જગદીશને - ૧

જે ગમે જગત ગુરુ દેવ જગદીશને,
તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કંઇ નવ સરે,
ઊગરે એક ઉદ્વેગ ધરવો.
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને... ૧

હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કો'ક જાણે.
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને... ૨

નીપજે નરથી તો કોઇ ના રહે દુઃખી,
શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઇ દૃષ્ટે આવે નહિ,
ભવન પર ભવન પર છત્ર દાખે.
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને... ૩

# જે ગમે જગત ગુરુ દેવ જગદીશને - ૨

ઋતુ લતા પત્ર ફળ ફૂલ આપે યથા,
માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,
તેહને તે સમે તે જ પહોંચે.
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને... ૪

ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી,
જેહને જે ગમે તેને પૂજે,
મન કર્મ વચનથી આપ માની લહે
સત્ય છે એ જ મન એમ સુઝે.
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને... ૫

સુખ સંસારી મિથ્યા કરી માનજો,
કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે,
જન્મ પ્રતિ જન્મ હરિને જ જાચું.
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને... ૬

**- ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતા**

# ગોત !

હીરા-માણેક-રત્ન-ખજાના, બધ્ધું છે જા, અંદર ગોત !
સૂરજ-ચંદર-ધ્રુવ ને તારા, બધ્ધું છે જા, અંદર ગોત !

આપત્તિના પહાડી કિલ્લા, કંઇકને આડા આવ્યા છે,
અટકીશ મા, ધર બુધ્ધિ, સધ્ધર શક્તિ-સ્રોત પુરંદર ગોત !

ડૂબવાનું છો હો નિર્માયું, તોય અલ્યા ! તું માટી થા !
છોડ ઢાંકણી, ખાડા કૂવા, નાળા છોડ, સમંદર ગોત !

એક જ થાપે આશીર્વાદે, એક જ મીટમાં ન્યાલ થઇશ,
પરચૂરણિયા મૂક નકામા, જોગી કોક કલંદર ગોત !

શુભ-અશુભ ને સાચ-જૂઠના, જગત ખેલથી ક્યાં ભાગીશ?
કશું ન સ્પર્શે એવું ખાખી, ભગવું એક પટંતર ગોત !

ઊપડ્યો છે તો કેજાદીનો, --ને હલ્લેસાં પણ બહુ માર્યાં,
ભલા આદમી ! ક્યાં જાવું છે ? પોતીકું ક્યાંક બંદર ગોત !

ભરતી-ઓટ-તોફાનો સઘળું, અનિવાર્ય કુદરતનો ક્રમ,
આસન તારું અડોલ રાખે, એવું જબરું લંગર ગોત !

ઝાઝાં થોથાં, ઝાઝી બુધ્ધિ, ઝાઝા વાદ વિવાદે શું?
જડીબુટ્ટી તો આ સામે રહી, સત્ય, શિવ ને સુંદર ગોત !

મળ્યા અને મળનારા જન્મે, તસુ-તસુ પણ ચડતો જા,
પાછો નહીં પડતો ...જોગંદર, અંતર ગોત ! નિરંતર ગોત !

**- યોગેન્દ્ર વિ. ભટ્ટ**